OTTની વેબસીરિઝોમાં સંજય ભણશાલીની 'હીરામંડી' ઠંડી રહી?!

નિર્દેશક સંજય લીલા ભણશાલીની પહેલી વેબસીરિઝ 'હીરામંડી: ધ ડાયમંડ બાઝાર' જોયા પછી એમ થશે કે ફિલ્મો બનાવવાને બદલે એમણે શા માટે પોતાનો સમય OTT માટે બગાડ્યો હશે. ત્રણ ફિલ્મો બની જાય એટલા સાડા સાત કલાકની અને આઠ હપ્તાની 'હીરામંડી'ઉપર ખર્ચ પણ એટલો જ કર્યો છે. તેમ છતાં એને જોવાનું ખાસ કોઈ કારણ ન હોવાનું સમીક્ષકો કહી રહ્યા છે. દેશના સૌથી મોટા OTT પ્લેટફોર્મ પર સૌથી મોંઘી ગણાતી વેબસીરિઝ રજૂ થઈ અને ખાસ કોઈ ચર્ચા નથી એ હકીકત સાબિત કરે છે કે એમણે ખોટી જગ્યાએ પોતાની કળા અને શક્તિને વેડફી દીધા છે. એમણે વેબસીરિઝનું માર્કેટિંગ પણ ખાસ કર્યું નથી. 'હીરામંડી'પ્રચારની રીતે જ નહીં વાર્તામાં પણ ઠંડી રહી છે.



દર્શકો એમની ફિલ્મોના દિવાના રહ્યા છે અને 'ગંગુબાઈ કાઠિયાવાડી'પછી વધુ એક ફિલ્મની રાહ જોઈ રહ્યા હતા ત્યારે એમણે વેબસીરિઝ પર હાથ અજમાવ્યો છે. એમાં પણ તવાયફોની જ વાત છે. મનીષા કોઈરાલાનો અભિનય અને કેટલાક અંશો સિવેમા પ્રત્યે ઝનૂન ધરાવતા સંજય ભણશાલીના નિર્દેશનને કારણે 'હીરામંડી'જોવા ખાતર જોઈ શકાય એવી છે. ભવ્ય સેટ એક આકર્ષણ છે પણ એનાથી ખામીઓ છુપાતી નથી. દરેક ચમકનારી વસ્તુ સોનું હોતી નથી એ 'હીરામંડી' માટે કહી શકાય એમ છે. સંજય માટે આ નવું ક્ષેત્ર છે એટલે વાર્તા ઘણી જગ્યાએ ભટકી જાય છે અને બહુ ધીમી ચાલે છે. જો બેકગ્રાઉન્ડમાં કોઈનું નરેશન રાખ્યું હોત તો વાર્તાને જ નહીં પાત્રોને સમજવામાં સરળતા રહી હોત. વાર્તા હીરામંડીમાંથી બહાર ઓછી જાય છે એટલે એક જ પ્રકારનો સેટ જોઈને કંટાળો આવી શકે છે. તવાયફોના જીવન પરની સીરિઝમાં ગીત- સંગીત બાબતે સંજય માર ખાઈ ગયા છે. સીરિઝ જોતી વખતે ગીત-સંગીત ઠીક લાગે છે. પછી યાદ રહે એવું એમાં કંઈ જ નથી. 'મલ્લિકાજાન'ના રૂપમાં મનીષાને બાદ કરતાં બીજા કલાકારોના સંવાદ દમદાર નથી. એમના માટે હજુ વધુ સારા સંવાદ રાખી શક્યા હોત. મનીષાએ પોતાની કારકિર્દીનો શ્રેષ્ઠ અભિનય આપ્યો છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી. આ શોથી બીજા કોઈને લાભ થાય કે નહીં મનીષાને જરૂર થશે. કલાકારોની પસંદગીમાં સંજય થાપ ખાઈ ગયા હોય એમ લાગે છે. નામ આપીને કોઈનું કામ સારું કે ખરાબ કહી શકાય એવું નથી. જાણીતા રહેતા હોવા છતાં પાત્રાલેખન અને વાર્તાલિખન નબળું હોવાથી કોઈ કલાકાર પ્રભાવ ઊભો કરી શકતો નથી. ફરદીન અને અધ્યયન સુમને કમબેક માટે એને કેમ પસંદ કરી છે એ તો એ જ જાણે. ધીરજ અને હિમ્મત જેવા ગુણ હોય અને આઠ કલાકનો સમય ફાજલ હોય તો 'હીરામંડી'જરૂર એક વખત જોવી જોઈએ.

ફિલ્મ ટી.વી
રાકેશ ઠક્કર

રાજપાલ યાદવનું પુનરાગમનનું કામ ચાલુ છે!

એક સમય પર કોમેડી ફિલ્મોમાં ધૂમ મચાવતા રાજપાલ યાદવને OTT પર આવેલી ફિલ્મ 'કામ ચાલુ છે'માં એકદમ ગંભીર ભૂમિકામાં જોઈને નવાઈ લાગવા સાથે આનંદ થશે કે એને સારું કામ મળી રહ્યું છે. કોમેડીની ફૅમ ટ્રેજડીમાં કમાલ કરી ગયો છે. એનામાં દર્શકોને હસાવવાથી વધુ ક્ષમતા રડાવવાની છે. કાર્ટૂન પ્રકારના કોમેડી કલાકારની ઇમેજમાંથી તે બહાર આવી રહ્યો છે. હાથમાં પુત્રીના અસ્થિનો કળશ લઈને 'યે મેરી બેટી હૈ, મર ગઈ હૈ'સંવાદ બોલે છે ત્યારે દર્શકની આંખમાં પાણી આવી જાય છે. રાજપાલ અચાનક ગાયબ થઈ ગયો હતો. તે પહેલાંની જેમ કામ કરતો દેખાતો નથી. એમ લાગતું હતું કે અભિનય પ્રતિભા ધરાવતા રાજપાલને કામ મળતું નથી. ફિલ્મ 'કામ ચાલુ છે' જોયા પછી એમ કહેવું પડશે કે એને પસંદગીનું કામ ઓછું મળે છે. એની અભિનય પ્રતિભાનો પૂરો ઉપયોગ થયો નથી. ગયા વર્ષે આવેલી 'અપૂર્વા'માં રાજપાલ ખલનાયક તરીકે અલગ છાપ છોડી ગયો હતો. આજકાલ એવી ફિલ્મો બની રહી છે કે અભિનેતાને અભિનય સિવાય બધું જ કરવાની તક આપે છે. રાજપાલ યાદવે પુનરાગમન કરવા જેવું કામ કર્યું છે. રાજપાલની પત્ની તરીકે જિયા માણેક પ્રભાવિત કરે છે. વિષય એવો છે કે જો આ ફિલ્મ થિયેટરમાં રજૂ થઈ હોત તો કોઈ જોવા ગયું ન હોત. દોઢ કલાક સુધી મુખ્ય વિષય પર જ વાર્તા રહે છે. ફાલતુ મસાલા જેવું કશું જ નથી પરંતુ ફિલ્મને બે કલાકની બનાવીને નિર્દેશક પલાશ મુછ્છલ હજુ અસરદાર બનાવી શક્યા હોત. 'જીવન મેં જો ભી બનના હૈ બનો, સબસે પહલે નેક ઇન્સાન બનો' જેવા સંવાદ છે પણ ફિલ્મનો આશય કશું શીખવવાનો કે બદલવાનો નથી. કેટલાંક ઈમોશનલ દ્રશ્યો એવાં જરૂર છે જે હચમચાવી નાખે છે. રાજપાલ યાદવ એવા પિતાની ભૂમિકામાં છે જે પોતાની પુત્રીને રસ્તાના ખાડાને કારણે નાની ઉંમરમાં ગુમાવી દે છે. પુત્રીને ન્યાય અપાવવા માટે તે પ્રશાસન સામે લડાઈ લડે છે અને જાતે જ ખાડા ભરવાના કામમાં લાગી જાય છે. સત્ય ઘટના પર આધારિત વાર્તાનો વિષય જરા હટ કે છે પણ એનો એક અલગ અંત હોવો જોઈએ જે ગાયબ છે. એક સામાજિક કાર્યકરના સંઘર્ષને હજુ વધુ સારી રીતે બતાવી શકાયો હોત. તેમ છતાં મોટા બજેટની બહુ પ્રચાર થાય છે એવી ફિલ્મોથી સારી ગણવામાં આવી છે.

લગાવું, લગાવો, લગાવી

હેમન્ત દવે

'ભગવો'શબ્દ ગુજરાતી ઉપરાંત મરાઠી, હિન્દી જેવી ભાષામાં પણ પ્રયોજાય છે. હાલ અંગ્રેજી 'સેફ્રન' એટલે કે કેસરી રંગના પર્યાય તરીકે પણ એ પ્રયોજવા લાગ્યો છે. 'સેફ્રનાઇઝેશન' ઉપરથી 'ભગવાકરણ'શબ્દ વ્યાકરણીય રીતે ખોટો હોવા છતાં ખાસો પ્રચલિત બન્યો છે અને એ હિન્દુત્વવાદી વિચારનો તિરસ્કાર, અણગમ, ટીકા દર્શાવવા પ્રયોજાય છે. આપણી પરંપરામાં ભગવો રંગ સંસાર મૂકી જગહિતાર્થે સાધુ બનેલા લોકો સાથે સંબંધ ધરાવતો હોવાથી એની સાથે ત્યાગ, બલિદાન, જ્ઞાન, પ્રકાશ, દયા, કરુણા જેવા ભાવો સંકળાયેલા છે. એ કારણે 'સેફ્રન'અને 'સેફ્રનાઇઝેશન'શબ્દથી સૂચવાતા નકારાત્મક રાજકીય અર્થઘટનો માટે 'ભગવા' કે 'ભગવાકરણ'ને બદલે 'કેસરી' અને (વ્યાકરણીય રીતે વિહિત) 'કેસરીકરણ' શબ્દ પ્રયોજવા જોઈએ. 'કેસરી' શબ્દ પોતે કેસર ઉપરથી આવ્યો છે. કેસરનાં બંબુડિયા રંગનાં ફૂલોમાં જે પરાગાસન અને પરાગવાહિની હોય છે તે કેસરી રંગનાં હોય છે અને તે કેસર તરીકે ઉપયોગમાં લેવાય છે અને એ ઉપરથી એ રંગનું એ નામ. સંસ્કૃતમાં 'કેસર'માટે 'કુંકુમ' શબ્દ પણ છે જેની ઉપરથી ગુજરાતીમાં 'કંકુ'. 'કેસર'માટેનો અંગ્રેજી 'સેફ્રન' શબ્દ અરબી 'ઝફ્રાન'જે ફારસી 'ઝરપરાન'('ઝર'એટલે 'સોનેરી'અને 'પર'એટલે 'પીછું'એટલે કે 'પીંછાના સોનેરી તાંતણા') ઉપરથી આવ્યો છે (અલબત્ત, આ ફારસી વ્યુત્પત્તિ સર્વમાન્ય નથી).

હવે, મૂળ મુદ્દો. સાર્થ ગુજરાતી જોડણીકોશ એની વ્યુત્પત્તિ 'ભગવાન' ઉપરથી બતાવે છે અને પછી વિકલ્પે હિન્દી- મરાઠીના નિર્દેશ આપી સંસ્કૃત 'ભૃગુ' ઉપરથી પણ સૂચવે છે. રંગના અર્થનો આ શબ્દ 'ભગવાન'સાથે કેવી રીતે સંબંધિત હોય તે વિશે કશી સ્પષ્ટતા થતી નથી. 'ભૃગુ'નો અર્થ 'આગ બરાબર જોર પકડે ત્યારે એમાંથી આવતો અવાજ' એવો છે; બીજા શબ્દોમાં 'ભડભડ','ભગભગ' એવો અવાજ.' એ અર્થ આપતાં મહાભારતકાર જણાવે છે કે, भूगित्येव भृगुः पूर्वमंगारेभ्योऽडः गिराभवत्सह ज्वालाभिरुत्पत्रो भृगुस्तस्माद् भृगुः ॥ 'પહેલાં ભડભડ (ભૃગ) એવા અવાજ સાથે જન્મ્યા એટલે ભૃગુ, અંગારાને લીધે અંગિરા ને જ્વાળા સાથે ઉત્પન્ન થાય એટલે ભૃગુ ભૃગુ કહેવાયા! (૧૩.૮૫.૧૫). 'ભગવો' શબ્દ રંગનો વાચક હોવા ઉપરાંત મરાઠીમાં અનાદરસૂચક છે એમ નોંધી તુલપુળે અને એના ફેલ્ડહાઉસ એમના મરાઠી કોશમાં એની વ્યુત્પત્તિ 'भृग-'ઉપરથી બતાવે છે. પણ માધવી કોલ્હાટકર લખે છે તેમ જ્વાળાના આ ભડભડ અવાજ અને 'ભગવા'વચ્ચે અને એનો જે હીણપતભર્યો અર્થ છે તેનો સંબંધ બેસાડવાની મુશ્કેલી છે.

કોલ્હાટકર એથી 'ભગવા'શબ્દને 'ભગવાન'ઉપરથી આવેલો બતાવે છે. એમની દલીલ આ પ્રમાણે છે : બુદ્ધ સંબોધિ પામ્યા પછી ભગવાન તરીકે ઓળખાયા. સંસ્કૃત 'ભગવાન' શબ્દ પાલિમાં 'ભગવા'બને છે. પ્રારંભે બૌદ્ધ સંઘમાં સાધુઓ નકામા ટુકડાને ભેગા કરી, સીવી, ભગવા રંગે રંગીને એને ચીવર તરીકે પહેરતા. ભગવાન બુદ્ધ આ રંગનાં વસ્ત્ર પહેરનાર પ્રથમ વ્યક્તિ હતા. સમય જતાં જે લોકો આ વસ્ત્ર પહેરતા હતા તેઓ પણ 'ભગવાન'નામે ઓળખાવા લાગ્યા. પછી તો એ વસ્ત્રનું નામ જ ભગવા પડી ગયું. પોતાની વાતના સમર્થનમાં ઓશો જે પ્રકારનો મોટો ખૂલતો ઝભ્ભો પહેરતા તે ઉપરથી એ રંગ અને ઝભ્ભો 'ઓશો' નામે ઓળખાવા લાગ્યો તે તેઓ નોંધે છે. ઉપરોક્ત વિદ્વાનોએ આ શબ્દની વ્યુત્પત્તિ સૂચવી તે પહેલાં સાર્થ જોડણીકોશે 'ભગવા'ને 'ભગવાન'માંથી અને 'ભૃગુ'સાથે જોડ્યો છે તે માટે આપણે ચોક્કસ રાજી થવું જોઈએ. અંગત રીતે મને આ બન્નેમાંથી એકે વ્યુત્પત્તિ સંતોષકારક લાગતી નથી. આ નોંધનો ઉદ્દેશ માધવી કોલ્હાટકરે જે દલીલ મૂકી છે તેની થોડી ચિકિત્સા કરવાનો છે. તેઓ લખે છે કે, (તત્સમ) 'First the person wearing such saffron coloured garments was bhagavan Buddha.' આ એમણે ઝાઝો વિચાર કર્યા વિના લખ્યું લાગે છે. ઋગ્વેદના દસમા મંડળમાં વાતરશન મુનિનો સંદર્ભ મળે છે (૧૦.૧૩૬.૨). તૈતિરીય આરણ્યકમાં મુનિ વાતરશનને શ્રમણ તરીકે ઓળખાવાયા છે (૨.૭.૧). એમનો સંદર્ભ શ્રીમદ ભાગવત પુરાણમાં પણ છે (૫.૩.૨૦). 'વાતરશન'ના થતા એકાધિક અર્થમાંનો એક 'વાયુ' જેનાં વસ્ત્રો છે તે થાય (મૂળમાં તો 'વાયુ જેનું કમરનું વસ્ત્ર છે તે); બીજા શબ્દોમાં 'દિગમ્બર' અથવા 'નગ્ન'. શ્રીમદ ભાગવત પુરાણમાં જ્યાં એમનો નિર્દેશ આવે છે ત્યાં વિશ્વનાથ ચક્રવર્તી એમની સારાર્થદર્શિની ટીકામાં 'वातवसन'એવું પાઠાંતર નોંધે છે.'વાતવસન'પણ શબ્દકોશે 'વાયુરૂપી વસ્ત્ર ધારણ કરનાર' એમ જ સૂચવે છે. આ શબ્દ ઉપરથી કેટલાયે જૈન અને જૈનેતર વિદ્વાનો એમ માનવા પ્રેરાયા છે કે છેક ઋગ્વેદના સમયથી દિગમ્બર મુનિઓ અને એમના સંપ્રદાયનું અસ્તિત્વ હતું. તે એટલે સુધી કે પદ્મનાભ જૈની જેવા બહુશ્રુત પણ એમ માની લે છે. પણ 'વાતરશન' શબ્દ નગ્નતાનો સૂચક હોવા છતાં એ મુનિ દિગમ્બરાવસ્થામાં જ રહેતા હશે એમ માનવાને કોઈ કારણ નથી. એમ તો 'शुन:शेप'નો અર્થ તો 'કૂતરાની પૂંછડી' એવો થાય છે! ઋગ્વેદના એ મંત્રમાં એ વાતરશન મુનિના (ઋગ્વેદ અનુક્રમણિકા પ્રમાણે ઋષ્યશૃંગ, એટશ, કશ્કિત, જૂતિ, વાતજૂતિ, વિપ્રજૂત, વૃષાણક એવા નામધારી) પુત્રોએ 'પિશંગ' રંગનાં વસ્ત્રો પહેરેલાં હોવાનું કહેવાયું છે.

'પિશંગ' એટલે 'લાલ, લાલાશ પડતો બદામી અથવા લાલાશ પડતો કથ્થાઈ'રંગ. વાતરશનના મુનિપુત્રોનાં 'મેલાં પિશંગ' વસ્ત્રો મોટે ભાગે ઘેરા ભગવા રંગનાં જ હતાં એમ કહેવામાં કોઈ વાંધો મને લાગતો નથી (સર. માયોફ્રન્સો વ્યુ.કોશ : 'kleiden sich in braunen Schmutz = Schmutzgewnder der Muni'.આ રીતે 'ભગવા' શબ્દની વ્યુત્પત્તિ ભલે ગમે તે હોય પણ ભગવાન બુદ્ધ એવી પ્રથમ વ્યક્તિ હતા જેમણે ભગવા રંગનાં વસ્ત્રો પહેર્યાં એવી માધવી કોલ્હાટકરની દલીલ માન્ય બની શકે તેવી નથી. એ સાથે જ એ શબ્દ 'ભગવાન'ઉપરથી આવ્યો હોવા વિશે એમણે રજૂ કરેલો તર્ક ખૂબ બળવો બની જાય છે.

આપણી પરંપરામાં ભગવો રંગ સંસાર મૂકી જગહિતાર્થે સાધુ બનેલા લોકો સાથે સંબંધ ધરાવતો હોવાથી એની સાથે ત્યાગ, બલિદાન, જ્ઞાન, પ્રકાશ, દયા, કરુણા જેવા ભાવો સંકળાયેલા છે

સ્ટાર AC લેવું કે 3 સ્ટાર?

આટલો સરવાળો માંડી જુઓ, ઠંડી ચડશે ને આંચકો પણ લાગશે!

ગરમીનો બફરપૂર છે. તમે AC ખરીદ્યું? ન ખરીદ્યું હોય તો તમારા માટે આ લેખ ઉપયોગી છે! ACની વાત આવે એટલે કન્ફ્યુઝન ઊભું થાય કે 3 સ્ટાર લેવું કે 5 સ્ટાર? કોમન સેન્સ કહે છે કે જેટલા વધારે સ્ટાર્સ એટલી વીજળીની બચત વધુ. સમજ સાચી છે પરંતુ બચત એટલી નથી થતી, જેટલી આપણે કદાચ વિચારીએ છીએ. ચાલો આજે ગણતરીનો આ ગોટાળો સમજીએ.

એક સમય હતો ઘરમાં AC હોવું એ સમૃદ્ધિ અને લક્ઝરી માનવામાં આવતું હતું. આખા ઘરમાં એકાદ રૂમમાં પણ AC લગાવેલું હોય તો પણ પૈસાવાળા ગણાતા હતા પણ હવે એવું નથી. AC હવે લક્ઝરી નથી પરંતુ જરૂરિયાત બની ગયું છે. AC માત્ર એક રૂમમાં નહીં પરંતુ આખા ઘરમાં લગાવવામાં આવે છે. આજકાલ બોરિંગ હાઇટ્સ કરતાંને બદલે કલરફુલ અને ડિઝાઇનર AC પણ આવવા લાગ્યા છે. હવા ઠંડી થઈ ગઈ છે પણ એક પ્રશ્ન હજુ પણ પહેલાં જેવો જ ગરમ છે.

લાઈફ-ઓન
★ ફાલ્ગુની આશર

કયું AC ખરીદવું જોઈએ? 3 સ્ટાર કે 5 સ્ટાર? 1 અને 2 સ્ટાર્સની હવે કોઈ વાત નથી કરતું. કોમન સેન્સ કહે છે કે જેટલા વધારે સ્ટાર્સ એટલી વીજળીની બચત થાય છે, પણ સાચું શું?

ACમાં કયો સ્ટાર લગાવવામાં આવશે તે સરકારના ભ્યુરો ઓફ એનર્જી એફિશિયન્સી દ્વારા નક્કી કરવામાં આવે છે. ભ્યુરો ઓફ એનર્જી એફિશિયન્સી, જેને ટૂંકમાં BEE તરીકે પણ ઓળખવામાં આવે છે, તે પણ ઇલેક્ટ્રોનિક ઉત્પાદનોને રેટિંગ આપવાનું કામ કરે છે. પંખાથી લઈને AC અને ફ્રીજ સુધીની દરેક વસ્તુ માટે રેટિંગ છે. આ ઉપકરણોની રેટિંગ 1 સ્ટારથી લઈને 5 સ્ટાર સુધીની છે. આ સ્ટાર જણાવે છે કે વિદ્યુત ઉપકરણ ઊર્જા બચતમાં કેટલું કાર્યક્ષમ છે.

આ રેટિંગ કેવી રીતે કામ કરે છે? સ્ટાર રેટિંગનો અર્થ શું છે? વાસ્તવમાં, તે ઊર્જા કાર્યક્ષમતાના સૂત્ર પર કામ કરે છે. આ ACના કૂલિંગ આઉટપુટ અને પાવર ઇનપુટ પર નક્કી કરવામાં આવે છે. દરેક AC પર એનર્જી એફિશિયન્સી રેશિયો (EER) લખાયેલ છે. જો AC પર 2.7 થી 2.9 EER લખેલું હોય તો તે 1 સ્ટાર રેટેડ AC હશે. જો તે 2.9 થી 3.09 છે તો તે 2 સ્ટાર હશે, જો તે 3.1 થી 3.29 છે તો 3 સ્ટાર હશે જો તે 3.3 થી 3.49 છે તો તે 4 સ્ટાર અને જો તે 3.5 થી ઉપર છે, તો તે 5 સ્ટાર હશે.

દોઢ ટનનું ફાઇવ સ્ટાર AC લગભગ 1450 વોટ પાવર વાપરે છે જ્યારે એટલા જ ટનનું 3 સ્ટાર રેટેડ AC લગભગ 1600 વોટ પાવર વાપરે છે. જો આપણો દરરોજ 8 કલાક વાપરીએ તો તેનો અર્થ એક મહિનામાં 240 કલાક વીજળી વપરાશ થાય છે. આ સ્થિતિમાં 5 સ્ટાર ACનો યુનિટ વપરાશ 348 યુનિટ અને 3 સ્ટાર ACનો યુનિટ વપરાશ 384 યુનિટ થશે.

હવે સૌ ACની કિંમતોમાં તફાવત જુઓ. 5 સ્ટાર અને 3 સ્ટાર AC વચ્ચે ઓછામાં ઓછો 10,000 રૂપિયાનો તફાવત છે. જો તે 10 હજારથી વધુ હોય તો પણ તે મોટી વાત નથી. મતલબ, 5 સ્ટાર માટે તમે પહેલા જ દિવસે એટલે કે ખરીદો એ દિવસે જ 10,000 રૂપિયા વધારાના ચૂકવી દો છો.

દોઢ ટનનું ફાઇવ સ્ટાર AC લગભગ 1450 વોટ પાવર વાપરે છે જ્યારે એટલા જ ટનનું 3 સ્ટાર રેટેડ AC લગભગ 1600 વોટ પાવર વાપરે છે. જો આપણે દરરોજ 8 કલાક વાપરીએ તો તેનો અર્થ એક મહિનામાં 240 કલાક વીજળી વપરાશ થાય છે. આ સ્થિતિમાં 5 સ્ટાર ACનો યુનિટ વપરાશ 348 યુનિટ અને 3 સ્ટાર ACનો યુનિટ વપરાશ 384 યુનિટ થશે

હવે વપરાશના યુનિટમાં તફાવત જુઓ. 5 અને 3 સ્ટાર AC વચ્ચે મહિને માત્ર 34 યુનિટનો તફાવત છે. 3 સ્ટારમાં 34 યુનિટ વધારે વપરાય છે. જો રૂ. 5નો એક યુનિટ ગણવામાં આવે તો 34*5 = રૂ. 170 પ્રતિ માસ વધારે થશે. હવે જો તમે વર્ષના 8 મહિના પણ ઠંડી હવા લો છો તો એક વર્ષમાં 3 સ્ટાર પર તમને રૂ. 170*8 = રૂ. 1360 વધુ ખર્ચ થશે.

આની સામે કિંમતમાં 10 હજાર વધુ ચૂકવો છો. આ 10,000ને 1360 વડે ભાગો! જે જવાબ મળશે એ ચોંકાવનારો હશે! કારણ કે તમે 5 સ્ટાર AC માટે જે 10,000 વધારે ચૂકવો છો એને વસૂલ કરતા 8 વર્ષ લાગશે! છે ને જબરજસ્ત તફાવત!?

તેથી જો ઠંડી હવાનો કાર્યક્રમ રોજનો 8 કલાક માટે હોય તો 3 સ્ટાર AC જ યોગ્ય છે. આનો અર્થ એ નથી કે 5 સ્ટારને ન લેવું જોઈએ. જો તમે સતત 12, 18 અથવા 24 કલાક AC ચલાવતા હોવ તો 5 સ્ટાર વધારે કિફાયતી રહેશે.

હાથે લખવાનું રાખો,વધુ યાદ રહેશે

'પઢતા પંડિત નીપજે, લખતા લહિયો થાય...

જુદા જુદા ફેન્સી ટાઇપના કી બોર્ડથી સોશ્યલ મિડીયામાં પોતાના 'મેસેજ'ને સુશોભિત કરતી આજની પેઢીને તો શું આગલી પેઢીને પણ આ કહેવતની બીજી લીટી સમજમાં નહીં આવે કારણ કે લહિયો પણ એક વ્યવસાયી હતો તેની કેટલાને ખબર હશે??

કવિ નર્મદના પિતા શ્રી લાભશંકર દવે એક લહિયા હતા જે જમાનામાં અક્ષર જ્ઞાન ઓછું હતું, મુદ્રણકળા સુલભ ન હતી. ટાઇપ રાઇટર પણ દુર્લભ હતા ત્યારે અને મુદ્રણ કળા અસ્તિત્વમાં જ ન હતી તે પહેલાં લહિયો એક કારકિર્દી તરીકે અપનાવાતી કળા હતી. સારા અક્ષરે ઝડપથી લખી શકે તેવા લોકોને ઉર્દુ અખબાર- સામયિકમાં જલ્દી કામ મળતું કારણ કે ઉર્દુ મુદ્રણ કરવા માટે પહેલા ટાઇપ ન હતા બલ્કે કતીબ નામે ઓળખાતા લહિયાઓ હાથેથી સુંદર અક્ષરે લખાણ લખે અને તેના બ્લોક બને પછી તે છપાય. ભલે તે પુસ્તક હોય કે અખબાર!

સમુદ્ર એક કિનારા અનેક
★ નરેન્દ્ર જોશી

કમ્પ્યુટર ટાઈપિંગ પહેલાં સામાન્ય ટાઇપથી અલગ ટાઇપ બનાવવા માટે પણ કલાકાર રોકવામાં આવતા. આજે તો નાનું બાળક પણ કલાત્મક રીતે લખાણ મોબાઈલ પર પણ તૈયાર કરી શકે છે.

આજના બાળકોની પેઢીને 'કી બોર્ડ જનરેશન' કહેવામાં આવે છે. બાળક ઘોડિયાની બહાર નીકળતું થાય ત્યારથી કી-બોર્ડનો ઉપયોગ કરતું થાય છે અને કહે છે કે આઠ વર્ષના બાળકને પેન કે પેન્સિલ કઈ રીતે પકડવા તે પણ શીખવવું પડે છે!

અગાઉ જ્યારે પાટી જેવા સાધનો ઉપલબ્ધ ન હતા ત્યારે ધૂળના ઢગલાને પાટલા જેવો ઘાટ આપી આંગળી કે સળીથી એકડો બગડો લખતા શીખવવામાં આવતું. પાટી એટલે કે પથ્થરની સ્લેટ ભણવામાં વપરાતી થઈ ત્યારે તેની ચૂનાના પથ્થરમાંથી બનતી પેનથી મૂળાક્ષરો અને આંકડા ઘૂંટીને જાડા બનાવવાની તાલીમ આપવામાં આવતી જેથી બાળકને મૂળાક્ષર કે આંકડાનો ઘાટ યાદ રહે. આજે? બાળક ચાર વર્ષનું થાય ત્યાં સુધીમાં કી બોર્ડ વાપરતું થઈ જાય અને તેને પાટી પેન તો શું બોલપેન કે પેન્સિલ પણ અજાણી ચીજ લાગે ત્યારે આપણી અક્ષર જ્ઞાનની દશા અને દિશા વિશે પાશ્ચાત્ય શિક્ષણ શાસ્ત્રીઓ પણ ચિંતા અને ચિંતન કરતા થઈ ગયા છે અને એક નિષ્કર્ષ પર આવ્યા છે કે બાળકને અભ્યાસમાં ચપળ બનાવવું હોય તો હાથે લખવાની ટેવ પાડો!

'ફ્રન્ટિયર્સ ઇન સાયકોલોજી' નામના સામયિકમાં તાજેતરમાં પ્રગટ થયેલા અભ્યાસ પત્રમાં જણાવાયું છે કે વિદ્યાર્થીને હાથે લખવાનો મહાવરો રહેવો જોઈએ જેનાથી યાદ શક્તિ વધે!

નોર્વજીયન સાયન્સ એન્ડ ટેકનોલોજીના મનોવિજ્ઞાનના સંશોધકો એફ આલ્વાન દર વીલ અને ઓ્ટ્રી એલ એચ. વાન દ મીર કહે છે કે હાથે લખવાનો મહાવરો હોવાનો ફાયદો એ છે કે અક્ષર લખતી વખતે મરોડ લેતાં મગજ ઉત્તેજિત થાય છે અને જ્ઞાનતંતુની જટિલ કાર્યરના દ્વારા લેખન યાદ શક્તિમાં જોડાય છે. કી-બોર્ડથી લખવા કરતાં હાથે લખવાથી લખેલું જલ્દી રહી જાય છે. વિદ્યાર્થી અવસ્થામાં હાથમાં પેન-પેન્સિલ હોવા અનિવાર્ય છે. તેમણે ચિત્રસભર શબ્દકોશ 'પિકશનરી'ની સીમમાં 36 વિદ્યાર્થીઓને બેસાડી જુદા જુદા શબ્દોનો ઉપયોગ કરી મગજની બંને બાજુમાંથી કઈ બાજુ ક્યારે વધુ સક્રિય રહે છે તે શોધવાની કોશિશ કરી અને શિક્ષણ અને યાદ શક્તિનો સંબંધ સ્થાપિત કરાવની કોશિશ કરી.

તેમણે જુદી જુદી રીતે વિદ્યાર્થીઓને પ્રવૃત્ત રાખ્યા અને એવું તારણ કાઢ્યું કે ટાઇપ રાઇટિંગથી જેટલું યાદ રહે તેનાથી વધુ હાથે લખાણ લખવાથી યાદ રહે છે.

અલબત્ત ટાઈપિંગ પ્રવૃત્તિ આજે પણ એક યા બીજી રીતે ચાલુ છે અને કુશળ વ્યક્તિ પોતાના કામમાં અત્યંત નિપુણ હોય તો તે કી બોર્ડ સામે જોયા વગર પણ હાથ ચલાવી સાચું અને સારું ટાઇપિંગ કરી શકે. આ સંશોધનમાં એવું સૂચન થયું છે કે કી બોર્ડ છોડી દેવાની વાત નથી. તેનો તેની રીતે જુદો ઉપયોગ છે. પણ જ્યારે ખાસ કરીને યાદ રાખવાની વાત આવે તો હાથે લખવાનો ફાયદો વધે છે.

લખવા માટે કાગળ હોય કે ન હોય, આજે ઇ-ઈંક ટેબ્લેટ કે ડિજિટલ નોટબૂક કે આઈપેડ જેવા અદ્યતન સાધનો વપરાય છે પણ જેમાં હાથે લખવાની સગવડ હોય છે, કી બોર્ડના ઓશિયાળા થઈને રહેવું નથી પડતું ત્યાં ઇ-પેન કે પેન્સિલ જે કાંઈ નામે ઓળખાતું પેન જેવું સાધન વપરાતું હોય ત્યાં હાથે લખવાનો મહાવરો પાડવો જ રહ્યો. માત્ર



શાળા-કોલેજના અભ્યાસક્રમો જ શું કામ? વેપાર-ધંધાની સભાઓ, ધાર્મિક કે સામાજિક કે આર્થિક બાબતોના પ્રવચન હોય, કાગળ પેન લઈને હાથે લખીને મુદ્દાઓ ટપકાવતા રહો. કમ્પ્યુટર સામે જોઈને કામ કરવા કરતાં હાથે કામ કરવામાં વધુ યાદ રહેશે. ઓનલાઇન મીટીંગમાં કે અખબારી રીપોર્ટિંગમાં પણ આ કામ લાગશે.

સંશોધકો કહે છે કે અમે પારોઠના પગલાં ભરવાનું નથી કહેતા. હાથને અક્ષર ચીતરવાનો મહાવરો આપો. અરે ઘટના નાની ચિરી ચપાટી પણ હાથેથી તૈયાર કરો. હા હાથેથી લખવામાં આંગળીઓ પરના સ્નાયુઓનું નિયંત્રણ રહે જ્યારે કી બોર્ડ ઝડપની જરૂર હોય ત્યાં

છેલ્લે એક સ્વાદિષ્ટ વાતો. છરી-કાંટા અને ચમચીથી જમવાને ટેવાયેલા સૂગાળવા પશ્ચિમી લોકોને ભારતના લોકો હાથેથી ખાય છે એ વાતનું દુઃખદ આશ્ચર્ય થાય છે પણ દાળના સબડકાની મજા હાથેથી આવે તે ચમચીથી કયાં આવે?

વાપરી શકાય પણ હાથે લખવાની પણ કોઈ મજા છે. ભારત સહિતના ત્રીજા વિશ્વના ઘણા દેશોમાં, ખાસ કરીને શાળા-કોલેજની પરીક્ષાઓમાં ઉત્તર લખવાનું હોય છે, ત્યાં પરીક્ષા પહેલા પણ પરીક્ષાર્થીઓ હાથે જવાબ લખવાનો મહાવરો રાખે તો પરીક્ષામાં વધુ સારો દેખાવ કરી શકાય.

છેલ્લે એક સ્વાદિષ્ટ વાતો. છરી-કાંટા અને ચમચીથી જમવાને ટેવાયેલા સૂગાળવા પશ્ચિમી લોકોને ભારતના લોકો હાથેથી ખાય છે એ વાતનું દુઃખદ આશ્ચર્ય થાય છે પણ દાળના સબડકાની મજા હાથેથી આવે તે ચમચીથી કયાં આવે?